ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૩૭૯/૨૦૨૩, તા.૨૩/૧૦/૨૦૨૩

વિગત :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૧૬/૧૦/૨૦૨૩ થી તા.૨૨/૧૦/૨૦૨૩** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

(૧) કમલાબાગ પો.સ્ટે. જા.જોગ નં.૩૯/૨૦૨૩ તા.૧૬/૧૦/૨૦૨૩ અન્વયે ગુમ થનારઃ- હરીશભાઇ મણીલાલા ભોગાયતા ઉ.વ.૬૦ રહે. નીધી પાર્ક-૨ પોલીટેકનીકની પાછળ પોરબંદર વાળાને તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ કમલાબાગ પો.સ્ટે. PSI શ્રી વી.ડી.વાઘેલા દ્વારા ભાણવડ ગામ જી.દેવભૂમી દ્વારકાથી શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચ/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય** :-

(૧) કમલાબાગ પોલીસ સ્ટેશનના તા.૧૭/ ૧૦/૨૦૨૩ ના રોજ કમલાબાગ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા આશરે ૬૦ જેટલા વિદ્યાર્થીઓ એમ.ડી.સાયન્સ કોલેજ પોરબંદરમાં વિવિધ બાળલગ્ન અટકાવવા બાબતેના જાગૃતિના કાર્યક્રમ કરવામાં આવેલ છે.

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય**

(૧) કીર્તિમંદિર પો.સ્ટે.ના પો.ઈન્સ. સી.વી.નાયકના માર્ગદર્શન હેઠળ ડી-સ્ટાફ PSI તથા સ્ટાફ સાથે પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.તે દરમ્યાન સંયુક્ત રાહે બાતમી હકીકત મળેલ કે કીર્તિમંદિર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૨૧૮૦૦૬૨૩૦૭૫૯/૨૦૨૩,ઈ.પી.કો.કલમ-૩૭૯મુજબના કામે કીર્તિમંદિર પાછળ,રામ માંદિર પાસેથી મોપેડ મો.સા. ચોરી કરનાર ઈસમ ચોરી કરેલ મોપેડ સાથે શહીદચોક પાસેથી નિકળેલ છે અને ખારવા વાડ,જલારામ મંદિર પાસેથી પસાર થનાર છે જે હકીકતના આધારે સત્વરે એક ટીમ બનાવી ખારવાવાડ,જલારામ મંદિર પાસે બન્ને બાજુ ગોઠવાય જઈ વોચ તપાસ કરી રહેલ હતા તે દરમ્યાન બાતમી વાળી તથા ફરિયાદમાં જણાવેલ વર્ણનવાળી સુઝુકી કંપનીનુ બ્લુ કલરનુ એક્સેસ મોપેડ જેના રજી.નં. GJ-25-R-3479 વાળુ મોપેડ લઈ એક ઈસમ ત્યાંથી પસાર થતા ત્યાજ તેઓને કોર્ડન કરી રોકાવતા મોપેડચાલક પાસે મોપેડના રજી.કાગળો માંગતા ગોળ ગોળ જવાબો આપવા લાગેલ અને કોઈ ફળદાયક હકીકત જણાવતો ન હોય જેથી નજીકમાથી બે પંચો બોલાવી લાવી ત્યાં મોપેડચાલકનું નામઠામ પુછતા મોપેડચાલકે પોતાનુ નામ જીગર લાલજીભાઇ ગોસીયા ઉ.વ.૩૦ જાતે ખારવા ધંધો-મજુરી રહે.ખારવાવાડ, જલારામ મંદિર પાસે,પોરબંદરવાળો હોવાનું જણાવેલ મો.સા.ચાલકની આગવી ઢબે પુછપરછ કરતા પોતાની પાસેનુ મોપેડ મો.સા. ગઇ કાલે કીર્તિમંદિર પાછળ,રામ માંદિર પાસેથી ચોરી કરેલ હોવાનું જણાવતા હોય જેથી સદર ચોરી બાબતે આઇ.પી.સી.કલમ-૩૭૯ મુજબની ફરીયાદ નોંધાયેલ હોય જેથી ધોરણસર કાર્યવાહી કરવા સારૂ હસ્તગત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.સદર ગુનાની આગળની તપાસ PSI શ્રી આર.કે.ચાવડાના ઓ કરી રહેલ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) તા.૧૬/૧૦/૨૦૨૩ ના રોજ મહિલા પો.સ્ટેના શી ટીમના કર્મચારીઓ દ્વારા લીમડા ચોક વિસ્તારમાં તથા ભીડભાડ વાળા વિસ્તારમાં પેટ્રોલીંગ કરેલ. દરમ્યાન મહીલા એલ્પલાઈન ૧૮૧ તથા ઈ-એફ.આઈ.આર અંગે માહીતગાર કરેલ.

(૨) તા.૧૭/૧૦/૨૦૨૩ ના રોજ મહીલા પો.સ્ટે.ના શી ટીમના કર્મચારી દ્વારા ચોપાટી વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ કરેલ અને મહીલાઓને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ ૧૮૧ હેલ્પ લાઇન બાબતે માહિતી આપી. તેમજ તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરેલ.

(૩) તા.૧૮/૧૦/૨૦૨૩ ના રોજ મહીલા પો.સ્ટે.ના સ્ટાફ દ્વારા ગોઢાણીયા કોલેજ/વાડી પ્લોટ વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનો ની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ ૧૮૧ હેલ્પ લાઇન બાબતે મહીલાઓને માહિતી આપી.

(૪) તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ મહીલા પો.સ્ટે.ના સ્ટાફ દ્વારા ચોપાટી વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે મહીલાઓને માહીતગાર કરેલ છે.

(૫) તા.૨૦/૧૦/૨૦૨૩ ના રોજ મહીલા પો.સ્ટે.ના સ્ટાફ દ્વારા ચોપાટી તથા સ્કુલ કોલેજ તથા શાક્માર્કેટ વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે મહીલાઓને માહીતગાર કરેલ છે.

(૬) તા.૨૨/૧૦/૨૦૨૩ ના રોજ મહીલા પો.સ્ટે.ના સ્ટાફ દ્વારા ચોપાટી વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ કરવામાં આવેલ. દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે મહીલાઓને માહીતગાર કરેલ છે.

(૭) કમલાબાગ પોલીસ સ્ટેશનના તા.૨૧/૧૦/૨૦૨૩ ના રોજ કમલાબાગ પો.સ્ટે. વિસ્તારમાં ચોપાટી ખાતે થનગનાટ ગરબીમાં એક બાળક તેની માતાથી વિખુટ્ટ પડી ગયેલ હતુ તે બાળકને કમલાબાગ પો.સ્ટે.ના PSI પી.કે.દવેરા તથા WHC સવિતાબેન રણમલભાઇએ માતા સાથે મિલન કરાવેલ હતુ.

(૮) હાર્બર પોલીસ સ્ટેશનના તા.૧૫/૧૦/૨૦૨૩ ના રોજ હાર્બર મરીન પો.સ્ટે.ના શી ટીમના કર્મચારીઓ દ્વારા સુભાષનગર, અસ્માવતીધાટ, લકડી બંદર, જાવર વિસ્તાર માં મચ્છીના દંગા વિસ્તાર માં કામ કરતી બહેનોની તથા સીનીયર સીટીજન મુલાકાત કરી જેઓને કાયદાકીય માર્ગદર્શન આપેલ.તા.૨૨/૧૦/૨૦૨૩ ના રોજ હાર્બર મરીન પો.સ્ટે.ના શી ટીમના કર્મચારીઓ દ્વારા ઓડદર રંગબાઇ મંદીર વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ કરી બહેનોની તથા સીનીયર સીટીજન મુલાકાત કરી જેઓને કાંઇ પણ મુશ્કેલી હોય તો ૧૦૦ નંબર પર ફોન કરવા સમજ કરેલ

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો :-**

(૧) મહિલા પોલીસ સ્ટેશનના **તા.૧૬/૧૦/૨૦૨૩ ના રોજ મહીલા પોલીસ સ્ટેશનના પો.ઇન્સ. આર.એમ.રાઠોડના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ કે.એમ.સૈયદ દ્વારા લીમડાચોક શાક માર્કેટ તથા ભીડભાડ વાળા વિસ્તારમા માહિલાઓને મહિલા જાગ્રુતીકરણ અંગે,૧૮૧ હેલ્પ લાઇન બાબતે,તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપી તથા સાયબર ફ્રોડ બાબતે જાણકારી આપી તેમજ સોશીયલ મીડીયામા કોઇ હેરાન કરે તો સાયબર હેલ્પ લાઇન નં.૧૯૩૦ પર સંપર્ક કરવા સમજ કરી તેમજ ફરીયાદ કરનારની ઓળખ ગુપ્ત રાખવામા આવશે. તે અંગે જાણકારી આપી. તેમજ ઘરેલુ હિંસા ,છેડતી /મહિલા અત્યાચારને લગતી તમામ સમસ્યાઓ અંગે કાયદાકીય માહિતિ તેમજ કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય તે અંગે તેમજ ૧૮૧ મહિલા હેલ્પલાઇનનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે સમજ કરી. તથા પોલીસ નો સંપર્ક કરવા ૧૦૦ તથા ૧૮૧ નો જરૂર પડ્યેથી ઉપયોગ કરવા સમજ કરી તેમજ કાયદાકીય માહિતી, કાનુની સહાય અને રક્ષણ કઇ રીતે મેળવી શકાય જે બાબતની વિગતવારની જાણકારી આપવામા આવી.**

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર